ૐ હરિ

પ્રેમી યુગલસ્વરૂપ,

કુસુમ-લતા

નાટકનાં ગાયનો.

રચનાર

મર્હુમ શ્રીયુત

રણછોડદાસ ભાઇચંદ આમલીવાળા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી 'સુરત' સુંદર વિલાસ

નાટક કંપની માટે,

માલીક

ધીરજલાલ અમૃતલાલ શાહ.

પ્રથમાવૃત્તિ, પ્રત ૧૦૦૦.

કરાંચી

'હારૂન' પ્રિન્ટીંગ પ્રેસ—હા. ઈ. એ છાપ્યું.

સંવત ૧૯૬૭. ઇ. સ. ૧૯૧૧.

કીંમત બે આના.

મુખ્ય પાત્રોના નામ અને સંબંધ.

પુરૂષ વર્ગ

સુત્રધાર—	... નાટ્યારંભે ઈશ્વર સ્તવન કરનાર.
કુસુમસિંહ— ...	... અજીતસિંહનો એળીષ્ટ પુત્ર.
પ્રતાપસિંહ— ...	... પ્રતાપગઢનો રાજા.
સત્યવક્તા—... ...	... પ્રતાપસિંહનો મુખ્ય પ્રધાન.
ક્રુરસિંહ—	... દીપકપુરનો દારૂડીઓ રાજા.
જીતાજી / છીતાજી — ...	... કુસુમસિંહના ખાનગી માણસો.
જાલમસિંહ— ...	... રજપુત બહારવટીઓ.
મદાંધસિંહ— ...	... કનકાવતીનો રાજા.
ગોદડભા—	... બહારવટીઆઓનો સરદાર.
ઘેલો—	... અજીતગઢનો મારૂ સોની.
બેચર—	... ઘેલા સોનીનો સસરો.
ભૃગુરૂષી—	... એક પરમાર્થિ તપસ્વિ.
અઘોરપંથી— ...	... ક્રુરસિંહનો કપટી સહાયક સાધુ.
શંખભારથી— ...	... અઘોરપંથીનો મદદનીશ.
તુળશીદાસ— ...	... ગુલાબ સોનારણનો આશક.
ખોખરદ્વજ— ...	... પ્રતાપસિંહનો પુરોહીત.
બહાદુરસિહ— ...	... ક્રુરસિંહનો વિશ્વાસુ સરદાર.

સ્ત્રી વર્ગ

નટી—	... સુત્રધારની સહધર્મ ચારિણી.
લતા—	... પ્રતાપની પુત્રી ને પાછળથી કુસુમની સ્ત્રી.

નિર્મળા— ... ... પ્રતાપસિંહના જનાનાની વિશ્વાસુ દાસી.
સુનંદા— ... ... લતાની ખાનગી દાસી.
સુશીલા— ... ... કુસુમસિંહની પુત્રી.
ગુલાબ— ... ... ચેલા સોનીની વ્યભિચારી સ્ત્રી.
સાગરીકા }
સુલક્ષણા } — ... ... પ્રેમબંધ સખીઓ.

અવશેષ વર્ગ—રૂષીપુત્રો, ચોબદારો, દુકાળીઆઓ વારાંગનાઓ, સીપાઈઓ, દારૂડીઆઓ, લુંટારાઓ, ડાક્ટર, અને સબંધીઓ સ્નેહીઓ વગેરે વગેરે.



[illegible] પ્રેમી યુગલસ્વરૂપ

⟶ કુસુમ-લતા ⟵

નાટકનો ટુંકસાર.

પ્ર૦ ૧ લો—સુત્રધાર નટિ પ્રતિ નાટયવસ્તુનું નિદર્શન કરી પ્રભુ પ્રાર્થના કરેછે.

પ્ર૦ ૨ જો—કનકાવતિના રાજા મદાંધસિંહે, પોતાના પિતા અર્જુનસિંહને દગેથી મારી રાજ્ય પડાવી લીધેલું જોઈ નિરાધાર કુસુમ જંગલ માં ભટકેછે ત્યાં તેને ભૃગુરૂષીની મુલાકાત થાયછે, તે તેને પોતાને આશ્રમે લઈ જાયછે.

પ્ર૦ ૩ જો—અરણ્યમાં દેવિ દર્શન કરવા જતી લતાકુંવરી એ લુંટારાઓ ના હાથમાં સપડાયછે. કુસુમ તેને [illegible]. ઉપકારી લતા, કુસુમ ઉપર મોહીત થાયછે. અરસ પરસ શબ્દવિનોદ થતાંમાં વચ્ચે પ્રતાપસિંહ આવી જાયછે ને [illegible] વિખુટા પડી જાયછે.

પ્ર૦ ૪ થો—કુસુમ સ્નેહથી આકર્ષાયલો [illegible] સહિત રાજ્ય બગીચામાં આવેછે. ત્યાં કુસુમનો પુનઃ [illegible] થાયછે. માર્મિક શબ્દો દ્વારા મર્યાદા મુકાયછે ને હૃદયગ્રંથી વધારે મજબુત થાયછે.

પ્ર૦ ૫ મો—દુષ્કાળથી પિડાતી પ્રજા દુઃખે વ્યગ્ર થયેલો પ્રતાપસિંહ, દીપકપુરના વયોવૃધ્ધ રાજા ક્રુરસિંહ સાથે પોતાની લતા કુંવરીને પરણાવવાની ઇચ્છા સત્યવક્તા પ્રધાન આગળ જાહેર કરેછે. પ્રધાન ચોખ્ખી ના પાડેછે જેથી ચીઢાયલો રાજા તેને બરતરફ કરી નિમકહરામ દાસીના અનુમત સહીત ખોખરધ્વજ પંડ્યાને શ્રીફળ લેઈ દીપકપુર વિવાહ કરવા મોકલેછે.

પ્ર૦ ૬ ઠ્ઠો—પ્રજાજનને આશ્વાસન આપતો પ્રતાપસિંહ પોતાનો તમામ ખજાનો ખાલી થતા સુધીની હિંમત ભીડી રાજ્યની આબાદાની રાખવાની દૃઢ પ્રતિજ્ઞા લેછે.

પ્ર૦ ૭ મો—દીપકપુરનો રાજા ક્રુરસિંહ દારૂમાં ચકચુર થઈ સુશીલાના અભ્યાસની પરિક્ષામાં ગરકાવ બનેલોછે ત્યાં ખોખરધ્વજ પંડ્યો આવી લગ્નની વધાઈ આપેછે.

અંક ત્રીજો.

—·—

ઝુંદારાઓ— ૩૯

ચલીએ સરદાર, સબ લેકે હથીઆર;
ખંજર શમશેર ભાલા કટારે
હો જાઓ તૈયાર, સબ લેકે તલવાર—ચલીએ૦
મારો લુંટ, મીલ જાવે કોઈ પયસેદાર
ફતેહ અપની, ઔર દુશ્મનકી હાર—ચલીએ૦
ચલીએ ઝટ ચલીએ બહાદુરો પહેલવાન
દેખો સબ ગુફા ગીરી ઔર મેદાન
કરના સંગ્રામ.........હય પયસેકા કામ
પયસેકી હય સારી દુનિયાં ગુલામ
વાહ પયસા પયસા (૩)

કરીઓ— ૪૦

યહ સરદાર કો કીરતાર ખુશ ખુશ રહો હરદમ
નેહ હમારા સબકે શર પે ખુદાકા હુકમ—યહ૦
હો મુબારક બાદી હમેશ બને રહો તન મન;
અમન ચમન દો ખુદા સંહારીને સીતમ—યહ૦
હુસ્નનુર, બરસો પુર ચમકત ચમ ચમ,
રંગ રમત, સંગ સંગત, ઝુમકત ઝમ ઝમ—યહ૦

સુમસિંહ— ૪૧

વાહવા શુરવીર તમ બળનો પ્રકાશ
છે શાબાશ, છે શાબાશ, શુરા રજપુત, છો મજબુત
પામ્યો છું સંતોષ અતિ હું આ વાર—વાહવા૦

કુસુમસિંહ— ૪૨

હાર મારી હાર કાપી, અરી પર સૌ ટાંપી
છોડવા નહીં કદાપી, મારો તીર ચોટ માપી
સ્મરી અંબિકા પ્રતાપી, ધાઓ ધાઓ શુર વ્યાપી
પાપીને નાંખો ઉથાપી, મારો નાંખો દુઃખ આપી—હાર૦

લશ્કરીઓ— ૪૩

ચલીએજી ચલીએજી, શુરા સરદાર આહા;
જલદી ઈસવાર........કરના દુશ્મનકો હાર
રંગ પતંગ હયે દુશ્મનોકા, જંગસેં કરના ભંગ,
કામ અપન અચ્છે અચ્છે, કીએ સબકો લુંટ લીએ
કયેદ કર લીએ બહુત માર દીએ
કીલકારી—લલકારો—ઇલકારીને મારી
ભાલા બરછીકા દો દુશ્મનકો માર—ચલીએ૦

કુરસિંહ— ૪૪

ખોળી કાઢું, તુંને વાઢું, ઉદર ફાડું, ભુંસી પાડું
અરે નાદાન, ભુલાવી ભાન, પાપી સેનાન, લઉં તવ જાન
હરિ તુજ બાળ, પાપી ચંડાળ, હવે સંભાળ, કરું તુજ
સાધુનો ધરાવી સ્વાંગ, કરું ફોજને તૈયાર
ફેળી રણ માંહે નીચ પાપી તને કરું પાર
ઠાર કરું ઝટ ઠાર પામું નવ હાર, પહોંચાડું પાર—ખોળી૦

ગુલાબ— ૪૫

હું તો સોનારણ સ્હેલાણી, ભલ ભલાનું કરતી પાણી
મારું નામ ગુલાબ ગુણખાણી, મને આખા જગતે જાણી
જો ઘરાક ઘરમાં પેસે........તો આ ગુલાબ સામે બેસે